# રૈમ, ઈગોર યેવગેનએવિચ

– ચંદ્રમૌલિ વિદ્યાલંકાર

૧૯૧૦ના દાયકામાં રશિયામાં ગૃહયુદ્ધ શરૂ થયું હતું. ભિન્ન–ભિન્ન વિચારધારાઓના કેટલાય સમૂહ પૂરા દેશમાં ફેલાયેલા હતા અને એક–બીજાનાં ગળાં કાપી રહ્યાં હતાં. એ દિવસોમાં રશિયન ભૌતિકશાસ્ત્રી ઈગોર રૈમ (૧૮૯૫–૧૯૭૧) ઓડેસાના ભૌતિકવિદ્યા વિભાગમાં પ્રોફેસર હતા. ભોજન શોધવા એ એક ગામમાં પહોંચ્યા. ત્યાં એ કોઈ એવા માણસની તપાસ કરી રહ્યા હતા જે એના ચાંદીના ચમચાને બદલી મરઘીઓ આપે. એને ‘મૈખ્નોસ’ના એક દળે પકડી લીધા. મૈખ્નેસ લાલ સેનાને પરેશાન કરનાર દળ હતું. ઈગોરને પકડીને મૈખ્નેસના પ્રધાન એટામાન સમક્ષ લાવવામાં આવ્યા.

પ્રધાન ફરનો બનાવેલ કાળા રંગનો ટોપો પહેરીને બેઠો હતો. એની છાતી પર મશીન ગનની ગોળીઓનો પટ્ટો લટકતો હતો. એના બેલ્ટમાં હાથગોળા લગાવેલા હતા.



ટૈમને ગાળ દેતા પ્રધાન બરાડયો, ‘તું ! કોમ્યુનિસ્ટ હરામી ! શું તને ખબર નથી કે તારી એકમાત્ર સજા મોત છે ?

એણે જવાબ આપ્યો, ‘પરંતુ હું ઓડેસામાં પ્રોફેસર છું. હું અહીં ભોજન લેવા આવ્યો છું.’

એની વાત પર વિશ્વાસ ન કરતા પ્રધાન બરાડયો, ‘ચૂપ ! પ્રોફેસર ! શું શીખવે છે ?’

‘હું ગણિત શીખવું છું.’ ટૈમે જવાબ આપ્યો.

પ્રધાને કહ્યું : ‘ઠીક છે. જો તું ગણિત શીખવતો હોય તો હું તને ઉચ્ચ ગણિતનો એક સવાલ આપીશ. એને ઉકેલ અને આઝાદ થઈ જા, અન્યથા.....’

અને ટૈમને આશ્ચર્ય થયું. પ્રધાને ઉચ્ચ ગણિતનો સવાલ આપ્યો હતો, જે માત્ર ગણિતનો પ્રાધ્યાપક જ સમજી શકે.

ટૈમે સવાલને ઉકેલી નાખ્યો. એને મુક્ત કરી દેવામાં આવ્યો. એ પ્રધાન કોણ હતો ? શું ગણિતનો પ્રોફેસર ? ખબર નથી ! ગૃહયુદ્ધે કોણ જાણે કેટલા પત્રકારના લોકોને પોતાના સપાટામાં લઈ લીધા હતા ! ૧૯૫૮માં ‘સેરેન્કોવ પ્રભાવ’ના વિશ્લેષણને માટે ટૈમને નોબેલ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યા

■